## બનાસકાંઠા જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરી (તા.૦૯/૧૨/૨૦૨૪ થી તા.૧૫/૧૨/૨૦૨૪ સુધી)

(૧)

તા.૦૯/૧૨/૨૦૨૪ ના ક.૧૭/૦૦ વાગ્યે મોજે ચાત્રા ગામના બસ સ્ટેન્ડ પહેલા સિંગલ પટ્ટી રોડની સાઇડમાં આ કામના આરોપી મેરાજભાઇ રામજીભાઇ રબારી રહે મલુપુર તા થરાદ જી બનાસકાંઠા વાળાએ પોતાના કબ્જાની હુન્ડાઇ કંપનીના ક્રેટા ગાડી જેનો રજીસ્ટર નંબર.GJ 0 FD 855 વાળીમાં ગે.કા. અને વગર પાસ પરમીટનો ભારતીય બનાવટના વિદેશી દારૂ/બિયર ટીનની કુલ બોટલો/ટીન નંગ-૧૯૭૭ કિ.રૂ.૨,૬૮,૨૬૬ /-નો રાખી તથા મોબાઇલ ફોન નંગ-૦૧ કિ.રૂ.૫૦૦૦/- તથા છુટી GJ 18 BP 8686 લખેલ બે નંબર પ્લેટ જેની કિ.રૂ.00/00/- તથા ક્રેટા ગાડી કિ.રૂ.૬,00,000/- એમ કુલ મળી કિ.રૂ.૮,૭૩,૨૬૬/- નો મુદામાલ રાખી તેમજ સદર ક્રેટા ગાડીનો સાચો નંબર GJ 18 BP 8686 ની જગ્યાએ ખોટી રજીસ્ટ્રેશન પ્લેટ નંબર GJ 0 FD 855 વાળી ખોટી બનાવટી રજીસ્ટ્રેશન પ્લેટ લગાડી ઠગાઇ કરવાના ઇરાદાથી ખોટી નંબર પ્લેટનો ખરા તરીકે ઉપયોગ કરી રેઇડ દરમ્યાન નાસી જઇ ગુનો કરેલ ગુનો કરેલ હોઇ ભાભર પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૦૭૨૪૦૮૨૦/૨૦૨૪ પ્રોહિ એક્ટ કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(૨),૯૮(૨) તથા બી.એન.એસ.કલમ-૩૩૬(૨), ૩૩૬(૩),૩૪૦(૨) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૨)

તા-૧૦/૧૨/૨૦૨૪ ના કલાક-03/30 વાગ્યાથી કલાક-૧૩/૦૦ વાગ્યા સુધી મોજે વડગામ કંકાવટી શેરી રાજપુત વાસ દુધ ડેરી ની પાસે વડગામ આ કામના આરોપી આકામની ક્રેટા ગાડી નંબર જી.જે ૧૮ બી એસ ૩૧૧૯ વાળી ગાડીમાં ખોટા રજીસ્ટેશન નંબર જી.જે ૦૮ બી એસ ૦૭૮૬ વાળી ખોટી નંબર પ્લેટ ફીટ કરી ગાડીના અજાણ્યા ચાલક ડ્રાઇવર તથા તેની બાજુમાં બેઠેલ અજાણ્યા વ્યકિતએ ક્રેટા ગાડીમાં ભારતીય બનાવટનો પર પ્રાંતિય વિદેશી દારૂની બોટલ તથા બિયરના ટીન મળી કુલ બોટલ નંગ ૨૧૬૬ ગુનો કરેલ હોઇ વડગામ પોલીસ સ્ટેશન પાર્ટ-સી-ગુ.ર.નં.-૧૧૧૯૫૦૫૫૨૪૦૫૭૯/ ૨૦૨૪, પ્રોહીબીશન કલમ-૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૧૧૬(બી), ૯૮(૨), તથા ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ ૩૩૬(૨)(૩), ૩૪૦(૨) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૩)

તા.૧૧/૧૨/૨૦૨૪ કલાક 0૩/૧૫ વાગ્યે મોજે ખેમાણા ટોલનાકા હાઇવે રોડ ઉપર આ કામના આરોપી સફેદ કલરની હોન્ડાઇ કંપની ક્રેટા ગાડી નં.-GJ-27-BL-7860 ના ચાલક મોનુકુમાર વિનોદકુમાર જાતે જોગી તથા ડ્રાયવર સીટની બાજુમા બેઠેલ વિનોદકુમાર રામકિશન જાતે જોગી બંને રહે.સેરડા તા.બાગરા જી.હનુમાનગઢ (રાજસ્થાન) વાળાઓ પાસે વીજેન્દ્ર શર્મા મુળ રહે.ભુસાણ તા.તોશામ જી.ભીવાણી (હરીયાણા) હાલ રહે. અમદાવાદ, નારોલ ચોકડી, અસલાલી લાંબા ટર્નીગ વાળાએ ફોન કરી ઉપરોકત વિદેશી દારૂનો જથ્થો ભરેલ ગાડી લઇ આવી અમદાવાદ ખાતે આપવા અને વીક્કી રહે.ગુરૂગ્રામ(હરીયાણા) નામના માણસે ગાડીમા દારૂનો જથ્થો ભરેલ ગાડી આપી એકબીજાના મેળાપીપણામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો પ્રતિબંધિત ગુજરાત રાજ્યમાં ધુસાડવાનુ ષડયંત્ર રચી ક્રેટા ગાડીના ચાલકે તથા બાજુની સીટમા બેઠેલ ઇસમે પોતાના કબ્જા ભોગવટાની ગાડી નં.-GJ-27-BL-7860 માં ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ કુલ નંગ-૫૩ કુલ રૂ.૩,૮૫,૮૮૩/- નો મુદ્દામાલ વગર પાસ પરમીટનો ગે.કા.નો ભરી હેરાફેરી કરી સફેદ કલરની હોન્ડાઇ કંપની ક્રેટા ગાડી નં.-GJ-27-BL-7860 ની કિં.રૂા-૫,૦૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૩ કુલ કીં.રૂા-૯,૦૦૦/- મળી કુલ રૂા-૮,૯૪,૮૮૩/- ના મુદામાલ સાથે વાહન ચેકીંગ દરમ્યાન ગાડીનો ચાલક તથા બાજુની સીટમા બેસેલ ઇસમ પકડાઈ જઈ ગુનો કરવામાં એક્બીજાની મદદગારી કરી ગુનો કરેલ હોઇ પા.તાલુકા પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૩૫૨૪૧૧૭૭/૨૪ પ્રોહી એકટ ક.૬૫એઇ,૧૧૬(૨), ૯૮(૨),૮૧,૮૩ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૪)

તા.૧૧/૧૨/૨૦૨૪ ના કલાક - ૦૮/૩૦.વાગે ભારતમાલા હાઇવે રોડ પર નાગલા ગામની સીમ, આ કામના તહોદાર ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫એઇ, ૧૧૬(૨), ૮૧, ૯૮(૨) તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૪૦(૨) મુજબ તે એવી રીતે કે, આ કામના કોલમ નંબર (૨) માં જણાવેલ આરોપી નં.(૧) વાળાએ પોતાના કબજા ભોગવટાની ક્રેટા ગાડી નંબર : GJ-08-CK-8111 વાળીમાં ગુન્હાહિત કૃત્ય કરવાના ઇરાદે ખોટી રજીસ્ટ્રેશન નંબર : GJ-32-AA-2627 વાળી બનાવડાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી વગર પાસપરમીટે ભારતીય બનાવટની વિદેશી બિયરની બોટલ/ટીન નંગ- ૧૦૩૩ કિ.રૂ. ૨,૫૫,૩૭૧/- તથા ક્રેટા ગાડીની રૂ. ૫,૦૦,૦૦૦/- તથા મોબાઇલ નંગ-૦૧ કિ.રૂ.૧૦,૦૦૦/-તથા ગાડીની ખરી આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર : GJ-08-CK-8111 વાળી બે પ્લેટો પડેલ હોય જેની કિં.રૂા. ૦૦/- ના મળી કુલ મુદામાલ ૭,૬૫,૩૭૧/- સાથે મળી આવી પકડાઇ જઇ તથા માલ ભરાવનાર આરોપીનં. (૨) વાળાઓએ રાજસ્થાન રાજ્યના ડેડવા ખાતે પીકઅપ ડાલા મારફતે ક્રોસીંગ આપી ભરાવેલ તથા માલ લેનાર આરોપી નં. (૩) વાળાઓએ દારૂ મંગાવી હાજર નહિ મળી આવી ગુનો કરેલ હોઇ થરાદ પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૫૦૨૪૦૯૯૪ ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫એઇ,૧૧૬(૨),૮૧,૯૮(૨) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની ક.૩૩૬(૨),૩૩૬(૩), ૩૪૦(૨) મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૫)

તા.૧૨/૧૨/ ૨૦૨૪ ના ક.૦૬/ ૦૦ થી ક.૧૨/ ૩૦ વાગે મોજે ડાંગીયાગામ ની સીમ દાંતીવાડાથી ચંડીસર જતા રોડ કાલરીયા બેંન્યાની સામે તા. દાંતીવાડા આ કામે ઇનોવા કારનો ડ્રાઇવર આરોપી નં ૧ હિંમતસિહ ભાથલસિહ ઝાલા ઉ.વ. ૩૫ રહે કટોસણ ઉધપુરા વિભાગ તા.જોટાણા જી.મહેસાણા મો.નં. ૯૦૧૬૩૧૪૫૪૩ વાળો તથા આરોપી નં ૨ ઇનોવા કાર નો નાસી જનાર હેલ્પર રણજીત ઝાલા રહે. બલોલ ગામ તા.જોટાણા જી.મહેસાણા મો. નં ૯૭૨૫૬૧૩૫૩૫ વાળો તથા આરોપી નં ૩ વાસુસિહ ઉર્ફે ગુલાબસિહ રામસિહ વાઘેલા રહે રામનગર તા. દાંતીવાડા જી.બનાસકાંઠા દારૂનો જથ્થો ભરાવી આપનાર દારૂની લાઇન ચલાવનાર મુખ્ય આરોપી  તથા આરોપી નં૪ બાદલસિહ ઉર્ફે કેતનસિહ રામસિહ વાઘેલા રહે રામનગર તા. દાંતીવાડા જી.બનાસકાંઠા દારૂનો જથ્થો ભરેલ ઇનોવા કારનુ પાયલોટીંગ કરનાર તથા આરોપી નં ૫ પ્રકાશસિહ ઉર્ફે ભાણો ઉપેન્દ્રસિહ ઝાલા રહે કટોસણ ઉધપુરા વિભાગ તા.જોટાણા જી.મહેસાણા મો.નં ૮૪૦૧૬૦૬૩૦૭  દારૂનો જથ્થો મંગાવનાર તથા પાયલોટીંગ કરનાર મુખ્ય આરોપી  તથા આરોપી નં ૬ ભાથી ઠાકોર રહે મરતોલી ઠાકોરવાસ તા.જોટાણા જી.મહેસાણા મો.નં ૯૭૨૫૬૯૫૮૦૫ દારૂનો જથ્થો ભરેલ ઇનોવા કાર આપી જનાર પ્રકાસસિહ નો ડ્રાઇવર  તથા આરોપી નં ૭ ઇનોવા કાર રજી નં જી.જે.૦૯.બી.એફ.૩૩૩૩ નો માલીક તથા તપાસમા ખુલે તે તમામ આરોપીઓએ ભેગા મળી પોતાના આર્થીક ફાયદા સારૂ ગુજરાત રાજયમા દારૂ બંદી હોવાનુ જાણવા છતા રાજસ્થાન રાજયમાથી ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટના પરપ્રાંતિય દારૂનો જથ્થાની પ્રતિબંધીત ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર હેરાફેરી કરી કરાવડાવી ગુન્હાહીત કાવતરૂ રચી એક બીજાને મદદગારી કરી આરોપી નં ૩ તથા ૪ નોઓ વિરૂધ્ધ અગાઉ પ્રોહીબીશનના ગુન્હાઓ દાખલ થયેલ હોવા છતા ફરીથી વારંવાર પ્રોહીબીશનના ગુન્હાઓ કરી પોતાના મળતીયા માણસો રાખી સીંડીકેટ ચલાવી તથા આરોપી નં ૧ ભારતીય બનાવટની વિદેશી દારૂની કૂલ બોટલ નંગ ૩૫૦૬ કિં.રૂ.૫૬૮૨૬૭ નો તથા ઇનોવા કાર વાહન નંગ૧ કિં.રૂ.૧૦૦૦૦૦૦ તથા મોબાઇલ ફોન ૦૧ કિ.રૂ ૧૦,૦૦૦ મળી કુલ કિ.રૂ ૧૫૭૮૨૬૭ ના મુદ્દામાલ સાથે પકડાઈ ગુનો કરેલ હોઇ દાંતીવાડા પો.સ્ટે. પાર્ટ-સી ગુ.ર.નં.૧૧૧૯૫૦૬૧૨૪૦૮૩૧/૨૪  પ્રોહી કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) તથા ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની ક. ૧૧૧ (૨) બી, ૧૧૧ (૩) (૪)  મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૬)

તા.૧૩/૧૨/૨૦૨૪ ના ક.૧૦/૦૦ ના સુમારે મોજે અમીરગઢ બોર્ડર ચેકપોસ્ટ આ કામના તહોમતદાર એકબીજાના મેળાપીપણામાં ટ્રક નં.RJ-19-GC-2081માં વગર પાસ પરમીટનો ગે.કા.ના ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બિયરની પેટી નંગ-૧૬૧ કુલ બોટલ/ટીન નંગ-૪,૬૦૮ કિં.રૂ.૮,૭૬,૧૬૮/- નો જથ્થો ભરેલ ટ્રક તહોદાર નં.(૨) નાઓએ જોધપુર-પાલી હાઇવે રોડ ઉપર આપેલ હતુ અને ગુજરાતના પાલનપુર નજીક ટોલપ્લાઝા પસાર કરી તહો.નં.(૨) નાઓને ફોન કરી તેઓ જણાવે તે માણસને આ દારુ ભરેલ ટ્રક ટોલ પ્લાઝાથી થોડેક દુર પહોંચાડવા સારૂ પ્રતિબંધીત ગુજરાત રાજ્યમાં ઘુસાડવાનું ષડયંત્ર રચી હેરાફેરી દરમ્યાન તહોદાર નં.(૧) તેમના કબજા ભોગવટાના ટ્રક નં.RJ-19-GC-2081 કિંરૂ.૧૫,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૧ કિંરૂ.૫,૦૦૦/- તથા પાવડરના કટ્ટા નંગ-૨૦૦ કિં.રૂ.૦૦/૦૦ તથા ટ્રક નં.RJ-19-GC-2081 નુ ફીટનેશ સર્ટીફીકેટની નકલ કિં.રૂ.૦૦/૦૦ તથા ટ્રક નં.RJ-19-GC-2081ની RC બુકની નકલ કિં.રૂ.૦૦/૦૦ તથા ત્રિપાલ નંગ-૦૧ કિંરૂ.૦૦/૦૦ મળી કુલ મુદ્દામાલ કિંરૂ.૨૩,૮૧,૧૬૮/- સાથે પકડાઇ જઇ હેરાફેરી કરી ગુનો કરેલ હોઇ અમીરગઢ પો.સ્ટે.પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૫૦૦૩૨૪૦૮૭૮/૨૦૨૪ ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ તથા ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ ૨૦૧૬ ની ક. ૬૫એઇ,૧૧૬(બી), ૯૮(૨), ૮૧,૮૩ મુજબનો ગુનો દાખલ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.